ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Phone : 0278-2570110, 2570111 Email :krcscbhavnagar@yahoo.co.in Website : www.krcscbhavnagar.org

<u>અખબારી યાદી</u> તા: ૯/૧૦/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
ભાવનગર.

**દર બાર વર્ષે રચાતા અવકાશી નજારાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા નભ મંડળમાં તખતેશ્વરની તળેટી પર ટેલિ સ્કોપ દ્વારા નિહાળતાં ખગોળ પ્રેમીઓ**

હાલના સમયમાં આકાશમાં સૌરમંડળમાં રહેલા પાંચ ગ્રહો મંગળ, બુધ, ગુરૂ, શુક્ર અને ચંદ્ર આકાશમાં વિહાર કરી રહયા છે.

આ અવકાશી નજારાને જન સમુદાય સુધી પહેંચાડવાના આશયથી **<u>તા.૯ ઓકટોબરને શુક્રવારના રોજ વહેલી સવારના રોજ ૫:૩૦ થી ૬:૩૦ કલાક દરમિયાન તખ્તેશ્વર મંદિર, ભાવનગર</u>** ખાતે ટેલિસ્કોપ દ્વારા નિહાળવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ અવકાશી નજારાની વધુ માહિતી આપતાં પ્રા. સુભાષભાઈ મહેતાએ જણાવેલ કે દર બાર વર્ષે આવા વિહારનો યોગ બનતો હોય છે. હાલમાં પૂર્વ દિશામાં સૂર્યોદય થાય તે પહેલા સિંહ રાશિમાં અનુંક્રમે શુક્ર, મંગળ, ગુરૂ અને ચંદ્ર તેમજ કન્યા રાશિમાં બુધનો આકાશી વિહાર જોવા મળે છે. તા.૯ થી ૧૨ ઓકટોબર સુધી વહેલી સવારે સાડા પાંચથી સાડા છ સુધી આ ગ્રહોનો અવકાશી વિહાર ખગોળ પ્રેમીઓ કરી શકશે.

આ અવકાશી વિહારમાં **શુક ગ્રહની અનેરી કળાઓને ટેલિસ્કોપ દ્વારા** જોઈને ખગોળ પ્રેમીઓ આનંદિત થયેલ.

પ્રી.ત્રિ. ત્રિવેદી
(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.